**આંક–: ૧૦૫**
દાખલ તારીખ: ૨૪–૧૨–૨૦૨૧
રજી. તારીખ: ૨૪–૧૨–૨૦૨૧
ફેસલ તારીખ: ૨૭–૦૭–૨૦૨૬
અવધિ : વર્ષ – માસ – દિવસ
૦૪ – ૦૭ – ૦૩

**FORM : A**

**રાજકોટ જીલ્લાના મહે. સત્ર ન્યાયાધિશ સાહેબની અદાલતમાં**
**મુ.રાજકોટ.**
**Present : Mr. J.R.SHAH**
**Principal District & Sessions Judge, RAJKOT**

**સેશન્સ કેસ નં.૧૯૯/૨૦૨૧**

(Details of FIR/Crime and Police Station)
The F.I.R. has been lodged by Kesubhai Gorabhai Makwana before committed under Section 307, 337, 504, 143, 147, 148, 149, of I.P.C. and 135(1) of G.P.Act, registered vide Rajkot City Ajidam Police Station F.I.R. No.11208002200150/2020.

**શ્રી સરકાર** :::::::::::::: **ફરીયાદી**

**વિ રૂ ઘ્ધ**

(૧) **મિલનભાઈ રમેશભાઈ મકવાણા**
ઉ.વ.આ.૨૯, ધંધો–મજુરી

(૨) **નરેશ ઉર્ફે મુન્નો મનજીભાઈ મકવાણા**
ઉ.વ.આ.૩૫, ધંધો–મજુરી

(૩) **રમેશભાઈ મનજીભાઈ મકવાણા**
ઉ.વ.આ.૩૪, ધંધો–મજુરી

(૪) **વિપુલભાઈ નાનજીભાઈ મકવાણા**
ઉ.વ.આ.૨૫, ધંધો–મજુરી

(૫) **અરવિંદભાઈ મોહનભાઈ મકવાણા**
ઉ.વ.આ.૩૨, ધંધો–મજુરી

(૬) **મયુરભાઈ પ્રવિણભાઈ મકવાણા**
ઉ.વ.આ.૨૧, ધંધો–મજુરી

(૭) **નાથાભાઈ મેઘાભાઈ મકવાણા**
ઉ.વ.આ.૬૫, ધંધો–નિવૃત
**(આરોપી નં.૭ નું ચાલુ કામે અવસાન થતા**
**તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.**

(૮) **પ્રવિણભાઈ નાથાભાઈ મકવાણા**
ઉ.વ.આ.૪૪, ધંધો–મજુરી

(૯) **જયાબેન વા/ઓ. મનજીભાઈ મકવાણા**
ઉ.વ.આ.૬૦, ધંધો–ઘરકામ
**(આરોપી નં.૯ નું ચાલુ કામે અવસાન થતા**
**તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.)**
બધા રહે. ગામ લીલી લાસજડીયાળી
તા.જી.રાજકોટ. :::::::::::::::: **આરોપીઓ**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરીયાદી સરકારશ્રી તરફે : વિ.એપીપીશ્રી કે.બી.ડોડીયા
તમામ આરોપીઓ તરફે : વિધ્વાન વકીલશ્રી આર.આર.બસીયા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## FORM : B

| | |
|---|---|
| DATE OF OFFENSE | 22-03-2020 HR 21.30 |
| DATE OF F.I.R. | 23-03-2020 HR 01-45 |
| DATE OF CHARGE SHEET | 17-07-2020 |
| DATE OF FRAMING OF CHARGE | 20-06-2024 |
| DATE OF COMMENCEMENT OF EVIDENCE | 16-08-2024 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 27-07-2026 |
| DATE OF THE JUDGMENT | 27-07-2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY | ----------- |

## ACCUSED DETAILS:-

| RANK OF THE ACCUSED | NAME OF ACCUSE | DATE OF ARREST | DATE OF RELEASED ON BAIL | OFFENSES CHARGED WITH | WHETHER ACQUITTED OR CONVICTED | SENTENCE IMPOSED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION 428 OF Cr.P.C |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Milan Ramesh Makwana | 23-03-2020 | 13-04-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |
| 2 | Naresh @ Munno Manjibhai Makwana | 23-03-2020 | 13-04-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |
| 3 | Ramesh Manjibhai Makwana | 23-03-2020 | 13-04-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |
| 4 | Vipul Nanjibhai Makwana | 23-03-2020 | 13-04-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |
| 5 | Arvind Mohanbhai Makwana | 23-03-2020 | 13-04-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |
| 6 | Mayurbhai Pravinbhai Makwana | 23-03-2020 | 13-04-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |
| 7 | Pravinbhai Nathabhai Makwana | 20-05-2020 | 08-06-2020 | 307, 337, 504, 143, 147, 148, 149, of IPC and Sec. 135(1) of GPAct | | N.A | N.A |

## FORM : C

### LIST OF PROSECUTION/DEFENSE COURT WITNESSES

## A. Prosecution :

| ક્રમ | સાહેદનું નામ તથા દરજ્જો | આંક |
|---|---|---|
| ૧ | આરોપી નં.૧ થી ૬ નાઓને ગુનાને કામે અટક કર્યાના તેમજ બનાવ વખતે પહેરેલ કપડા તથા મુદ્દામાલ હથિયારો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ખોડાભાઈ દાનાભાઈ મકવાણા | ૩૩ |
| ૨ | આરોપી નં.૧ થી ૬ નાઓને ગુનાને કામે અટક કર્યાના તેમજ બનાવ વખતે પહેરેલ કપડા તથા મુદ્દામાલ હથિયારો કબજે કર્યાના પંચનામાના બીજા પંચ સાહેદ જગદીશભાઈ છગનભાઈ વાળા | ૩૫ |
| ૩ | તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પરીક્ષણ કરનાર એફ.એસ.એલ.અધિકારી વૈદપ્રકાશ ઓમકારસિંગ યાદવ | ૩૯ |
| ૪ | ફરીયાદી તથા ઈજાપામનારાઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ કરણભાઈ તરૂણભાઈ રાઠોડ | ૪૬ |
| ૫ | ફરીયાદી તથા ઈજાપામનારાઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના બીજા પંચ સાહેદ દિનેશ લક્ષ્મણભાઈ રાઠોડ | ૫૧ |
| ૬ | ઈજાપામનાર સાહેદ લીલાબેન વા/ઓ.કેશુભાઈ ગોરાભાઈ મકવાણા | ૫૩ |
| ૭ | ઈજાપામનાર ફરીયાદી કેશુભાઈ ગોરાભાઈ મકવાણા | ૫૫ |
| ૮ | ઈજાપામનર સાહેદ જયસુખભાઈ કેશુભાઈ મકવાણા | ૫૭ |
| ૯ | ફરીયાદી તથા તમામ ઈજાપામનારાઓને સારવાર આપનાર મેડીકલ ઓફિસર ડો.રિંકલ દેવર્ષીભાઈ પાપણીયા | ૬૦ |
| ૧૦ | ફરીયાદીની ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ. રાજેશભાઈ રમણીકલાલ ચૌહણ | ૬૫ |
| ૧૧ | ફરીયાદીની ફરીયાદ લેનાર પી.એસ.આઈ. રમણભાઈ વેજાભાઈ કડછા | ૬૮ |
| ૧૨ | બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર એફ.એસ.એલ.અધિકારી શીતલબેન હર્ષદભાઈ ઉપાઘ્યાય | ૭૦ |
| ૧૩ | ગુનાની તપાસ કરનાર અમલદાર પોલીસ ઈન્સ્પેકટર ગિરીરાજસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા | ૮૫ |

## B. Defence Witnesses, if any :

| Rank | Name | Nature of evidence (eye witness, Police witness, expert witness, Medical witness Punch witness other witness | Exh. |
|---|---|---|---|
| Nil | Nil | Nil | Nil |

## C. Court Witnesses, if any :

| Rank | Name | Nature of evidence (eye witness, Police witness, expert witness, Medical witness Punch witness other witness | Exh. |
|---|---|---|---|
| Nil | Nil | Nil | Nil |

LIST OF DOCUMENTS PRODUCE PROSECUTION/DEFENSE/COURT EXHIBITS

## A. Prosecution :

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપી નં.૧ થી ૬ નાઓને ગુનાને કામે અટક કર્યાનું તેમજ બનાવ વખતે પહેરેલ કપડા અને ગુનાને કામે વાપરેલ હથિયારો કબજે કર્યાનું પંચનામું | ૩૪ |
| ૨ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીગ પત્ર તથા મુદ્દામાલ પરીક્ષણ કર્યાનો બાયોલોજી વિભાગ અને સીરોલોજી વિભાગનો મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ | ૪૦ |
| ૩ | ફરીયાદી તથા ઈજાપામનારાઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૭ |
| ૪ | ઈજાપામનાર સાહેદ લીલાબેન કેશુભાઈ મકવાણાના કપડા કબજે કર્યાની પંચોની સહીઓ વાળી સ્લીપ | ૪૮ |
| ૫ | ઈજાપામનાર/ફરીયાદીના કપડા કબજે કર્યાની પંચોની સહીઓ વાળી સ્લીપ | ૪૯ |
| ૬ | ઈજાપામનર સાહેદ જયસુખભાઈ કેશુભાઈ મકવાણા તથા સાહેદ સંજય કેશુભાઈ મકવાણાએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાની પંચો ની સહીઓ વાળી સ્લીપ | ૫૦ |
| ૭ | બનાવ સબંધે ફરીયાદીએ આપેલ અસલ ફરીયાદ | ૫૬ |
| ૮ | તપાસ અર્થે આરોપીઓના લોહીના નમુના લીધેલાના ફોર્મ સયુંકત | ૬૧ |
| ૯ | ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોના લોહીના નમુના લેવા કરેલ યાદી તથા તે અન્વયે ફરીયાદી તથા ઈજાપામનારાઓના લોહીના નમુના લીધેલાના ફોર્મ સયુંકત | ૬૨ |
| ૧૦ | ફરીયાદી તથા ઈજાપામનારાઓને થયેલ ઈજાના સર્ટિફીકેટ તથા એમ.એલ.સી. ઈન્ડોર કેસ પેપર્સ સયુંકત | ૬૩ |
| ૧૧ | ફરીયાદીની ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરવા લખેલ ફોરવર્ડીગ પત્ર | ૬૬ |
| ૧૨ | આજીડેમ પોલીસ સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭/૨૦૨૦ નો ઉતારો તથા તેની તપાસ સોંપ્યાનો ડેપ્યુટ હુકમ | ૬૭ |
| ૧૩ | બનાવ સ્થળનું પરીક્ષણ કરવા એફ.એસ.એલ.અધિકારીને લખેલ યાદી | ૭૧ |
| ૧૪ | એફ.એસ.એલ.અધિકારીએ બનાવ સ્થળનું પરીક્ષણ કરી આપેલ અહેવાલ | ૭૨ |
| ૧૫ | સી.આર.પી.સી.કલમ ૧૫૪ મુજબ એફ.આઈ.આર.ની નકલ | ૮૬ |
| ૧૬ | આરોપીઓના કપડા કબજે કર્યાનું પંચનામું | ૮૭ |
| ૧૭ | બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા સર્કલ ઓફિસરને કરેલ યાદી | ૮૮ |

| | | |
|---|---|---|
| ૧૮ | તપાસ દરમ્યાન કબજે લેવામાં આવેલ મુદ્દામાલનું પરીક્ષણ કરવા માટે એફ.એસ.એલ.ને લખેલ ફોરવર્ડીગ પત્ર તથા રવાનગી નોંધ | ૮૯ |
| ૧૯ | મુદ્દામાલ તપાસ અર્થે એફ.એસ.એલ.માં મળી ગયાની પહોંચ | ૯૦ |
| ૨૦ | બનાવ સમયે બનાવ સ્થળે અમલમાં રહેલ શહેર પોલીસ કમિશ્નરશ્રીના હથિયાર બંધીના જાહેરનામાની નકલ | ૯૧ |

## B. Defence

| Sr.No. | Exh. | Description | Other |
|---|---|---|---|
| Nil | Nil | Nil | Nil |

## C. Court Exhibits :

| Sr.No. | Exh. | Description | Other |
|---|---|---|---|
| Nil | Nil | Nil | Nil |

## D. Material objects :

| Sr.No. | Exh. | Description | Other |
|---|---|---|---|
| Nil | Nil | Nil | Nil |

**ગુનો:** **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ.**

**—:: <u>ચુ કા દો</u> ::—**

**(૧)** આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપીઓ સેશન્સ કેસ નં.૧૯૯/૨૦૨૧ ની ટ્રાયલનો સામનો કરી રહેલ છે. તેઓની વિરૂધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧)** મુજબના ગુનાઓ સબબ મારા વિધ્વાન પુરોગામીશ્રીએ **આંક–૨૨** થી **તા.૨૦–૦૬–૨૦૨૪** નાંરોજ તહોમતનામું ફરમાવેલ.

**(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :**

**/એ/** આ કામના ફરીયાદી કેશુભાઈ ગોરાભાઈ મકવાણા તેઓના પરિવાર સાથે રાજકોટ તાલુકાના લીલી સાજડીયાળી ગામે રહે છે અને ખેત મજુરી કામ કરે છે. તેઓને સંતાનમાં એક દિકરી તથા બે દિકરાઓ છે. જે પૈકી તેમની દિકરી સાસરે છે, જયારે બંને દિકરા તેઓની સાથે રહે છે. **તા.૨૨–૦૩–૨૦૨૦** નાંરોજ રાતના સાડા નવેક વાગ્યાના અરસામાં ફરીયાદી તથા તેમના પત્નિ લીલાબેન અને બંને દિકરા સંજય તથા જયસુખ વિગેરે તેઓના ધર પાસે આવેલ નાનજીભાઈ હિરાભાઈ મકવાણાની દુકાન પાસે ઉભા હતા ત્યારે આ કામના સામાવાળા નાથાભાઈ મેધાભાઈ મકવાણા તથા પ્રવિણ નાથાભાઈ મકવાણા, મયુર પવાભાઈ મકવાણા, ચેતન પવાભાઈ મકવાણા, રમેશ મનજીભાઈ મકવાણા તથા મુન્ના મનજીભાઈ મકવાણા, મિલન રમેશભાઈ મકવાણા, અરવિંદ મોહનભાઈ મકવાણા, વિપુલ નાનજીભાઈ મકવાણા તથા જયાબેન મનજીભાઈ મકવાણા વિગેરે એક ઓટો રીક્ષા નં.જીજે–૦૩–બીયુ–૫૯૧૬ લઈને જયારે અમુક ચાલતા ચાલતા ત્યાં આવેલા અને તેઓને **ફરીયાદીની ભત્રીજી સાથે અગાઉ આરોપી મયુર પવાભાઈ મકવાણાને પ્રેમ સબંધ હોય જેથી એકાદ વર્ષ પહેલા તેઓને ઝધડો થયેલ, તે ઝધડાનું મનદુઃખ રાખી** ઉપરોકત તમામ આરોપીઓએ બનાવ વખતે ફરીયાદી, તેમના પત્નિ તથા બંને દિકરા જયાં ઉભા હતા ત્યાં આવી જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગતા ફરીયાદીએ તે લોકોને ગાળો બોલવાની ના પાડતા આ લોકો એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને આરોપી નાથા મેધાભાઈ મકવાણાએ ફરીયાદીને માથામાં છુટો પથ્થરનો ધા મારેલ જયારે આરોપી પ્રવિણ નાથાભાઈએ ફરીયાદી ને માથાના ભાગે લોખંડના પાઈપનો ધા મારેલ તથા આરોપી મયુર પવાભાઈએ ફરીયાદી ને કાન ઉપર છરી મારેલ અને આરોપી ચેતન પવાભાઈએ પણ ફરીયાદીને કાનના ભાગે છરી મારેલ જયારે આરોપી રમેશ મનજીભાઈ તથા મુન્ના મનજીભાઈએ ફરીયાદીને પથ્થરોના ધા મારેલા અને આરોપી મિલન રમેશભાઈ મકવાણાએ ફરીયાદીના દિકરા સંજયને છાતીના ભાગે પથ્થરોના ધા મારેલ તથા ફરીયાદીના પત્નિ લીલાબેનને છાતીના ભાગે આરોપી જયાબેન મનજીભાઈ મકવાણાએ પથ્થર મારેલા અને આરોપી અરવિંદ મોહનભાઈએ ફરીયાદીના દિકરા જયસુખભાઈને પડખામાં પાઈપ મારેલ જયારે આરોપી વિપુલ નાનજીભાઈ મકવાણાએ ફરીયાદીના નાના દિકરા સંજયને પડખામાં પાઈપ મારેલ અને આ ઈજાઓને કારણે તેઓને લોહી નીકળવા લાગતા ફરીયાદીના દિકરા સંજયે એમ્બ્યુલન્સ ૧૦૮ ને ફોન કરતા થોડી જ વારમાં ૧૦૮ આવી જતા ફરીયાદી તથા તેમના પત્નિ લીલાબેન અને

ફરીયાદીના બંને દિકરા જયસુખ તથા સંજયને ૧૦૮ માં સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ, જયાં ફરીયાદીને માથાના ભાગે થયેલ ઈજા સબબ સાત ટાંકા આવેલા અને તે રીતે બનાવ અગાઉ એકાદ વર્ષ પહેલા ફરીયાદીની ભત્રીજી સાથે આરોપી મયુરને પ્રેમ સબંધ હોય અને તે બાબતે તેઓની વચ્ચે અગાઉ ઝઘડો થયેલ, તેનો ખાર રાખી આરોપીઓ એ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના હેતુથી પાઈપ, છરી તથા પથ્થરો ધારણ કરી તેઓને જાનથી મારી નાખવાના ઈરાદે આવી તેઓને જાહેરમાં ઉશ્કેરણી કરવાના હેતુથી બિભત્સ ગાળો આપતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીને માથાના ભાગે પાઈપ મારી તેમજ છરી વતી ઈજાઓ કરી તેને જાનથી મારી નાખવાની કોશીષ કરી તેમજ ફરીયાદી ના પત્નિ અને દિકરાઓને મહાવ્યથા પહોંચાડેલાના આક્ષેપ સહ બનાવ બાદ તુરત જ ફરીયાદીએ તેઓ જયારે સિવિલ હોસ્પિટલમાં સારવારમાં હતા ત્યારે રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.વી.કડછા રુબરુ ઉપરોકત હકીકતે ફરીયાદ જાહેર કરેલી.

**/બી/** ઉપરોકત હકીકતે ફરીયાદીએ રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.વી.કડછા રુબરુ ફરીયાદ જાહેર કરી તે પહેલા બનાવ બાદ તુરત જ ઈજાપામનારાઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરતા સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના ફરજ પરના પોલીસ કર્મચારીએ ફરીયાદી તથા ઈજા પામનારાઓને થયેલ ઈજા સબંધે પ્રાથમીક પુછપરછ કરતા લીલી સાજડીયાળી ગામે આરોપીઓ ધ્વારા હુમલામાં ઈજા થયેલાનું જણાવતા તેઓએ સબંધીત આજીડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા ફરજ પરના પી.એસ.ઓ. રાજેશ રમણીકલાલ ચૌહાણ **(ફરીયાદપક્ષના સાહેદ નં.૧૦ આંક–૬૫)** નાઓએ તે આધારે આજીડેમ પોલીસ **સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭/૨૦૨૦** દાખલ કરી તેની તપાસ પી.એસ.આઈ. કડછાને સોંપતા પી.એસ.આઈ. આર.વી.કડછા **(ફરીયાદપક્ષના સાહેદ નં.૧૧ આંક–૬૮)** સિવિલ હોસ્પિટલ ગયેલા, જયાં ફરીયાદીની પુછપરછ કરતા ફરીયાદીએ તેઓ રુબરુ ફરીયાદ જાહેર કરતા ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ હકીકત લખી લઈ ફોરવર્ડીગ પત્ર સાથે ફરજ પરના પી.એસ.ઓ. ને સોંપતા ફરીયાદીની ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરી તેની આગળની તપાસ પી.આઈ. ગિરીરાજસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા **(ફરીયાદપક્ષના સાહેદ નં.૧૩ આંક–૮૫)** ને સોંપતા પી.આઈ. વાઘેલાએ તપાસ સંભાળી લઈ પંચો રુબરુ

એફ.એસ.એલ.અધિકારીની હાજરીમાં બનાવ સ્થળનુ પંચનામું કરી બનાવવાળી જગ્યાએથી લોહી વાળી માટી, લોહીના ડાઘ તથા કંન્ટ્રોલ માટી કબજે લઈ ફરીયાદી તથા તમામ ઈજા પામનારાઓએ બનાવ વખતે પહેરેલ કપડા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓની પંચો રુબરુ પંચનામાની વિગતે અટક કરી આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા તથા મુદ્દામાલ હથિયારો કબજે લઈ આરોપીઓની મેડીકલ તપાસ કરાવી તેઓના બ્લડ સેમ્પલ તથા ઈજાપામનારાઓના બ્લડ સેમ્પલ લેવા મેડીકલ ઓફિસરને જરૂરી યાદીઓ કરી આરોપીઓ તથા તમામ ઈજા પામનારાઓના બ્લડ સેમ્પલ મેળવી તમામ મુદ્દામાલ હથિયારો તથા આરોપીઓ અને ઈજાપામનારાઓએ બનાવ વખતે પહેરેલ કપડા એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપી તેનો અહેવાલ તથા ઈજા પામનારાઓને થયેલ ઈજાના સર્ટિફીકેટ મેળવી તપાસના અંતે પુરતો પુરાવો મળતા આરોપીઓ વિરૂઘ્ધ રાજકોટના વિઘ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૩) આરોપીઓ વિરૂઘ્ધ રાજકોટના વિઘ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા તે **ફોજદારી કેસ નં.૧૫૩૩૯/૨૦૨૦** થી રજીસ્ટરે લઈ સદર કેસ વિઘ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મેઈન)શ્રીની અદાલતમાં તબદીલ કરતા વિઘ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓને તેઓની વિરૂઘ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી આરોપીઓ પોતાના સ્વ–ખર્ચે વકીલશ્રી રોકી પોતાનો કાનુની બચાવ કરવા માગતા હોવાનું જાહેર કરતા આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપીત ગુનાઓ પૈકી **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, વિઘ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામેના સદર કેસ **સી.આર.પી.સી. કલમ ૨૦૯** અન્વયે સેશન્સ કમીટ કરતા તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૧૯૯/૨૦૨૧** થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) આરોપીઓ અત્રેની સત્ર અદાલત સમક્ષ હાજર થતા મારા વિઘ્વાન પુરોગામીશ્રી સત્ર ન્યાયાધીશશ્રીએ આરોપીઓને તેઓની વિરૂઘ્ધના કેસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરી આરોપીઓ વિરૂઘ્ધ **આંક–૨૨** થી **તા.૨૦–૦૬–૨૦૨૪** નાંરોજ **ઈ.પી.કો.કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯** તથા **જી.પી.એકટની કલમ ૧૩૫(૧)** મુજબના ગુનાઓ સબબ તહોમતનામું ફરમાવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**(૫)** ફરીયાદપક્ષ તરફે ઉપરોકત હકીકતે ફોર્મ–સી માં જણાવ્યા મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ વિધ્વાન એપીપીશ્રીએ **આંક–૯૨** ની પુરસીસથી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતી કલોઝીગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓને તેઓની વિરૂઘ્ધ પડેલ પુરાવા અંગે ખુલાસો કરવાની પુરતી તક મળી રહે તે હેતુથી **સી.આર.પી.સી. કલમ ૩૧૩** અન્વયે દરેક આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના તમામ પુરાવાનો **ઈન્કાર કરી તેઓ નિર્દોષ હોવાનું અને કોઈ ગુનો કરેલ ન હોવાછતાં ફરીયાદીએ અગાઉ થયેલ ઝઘડાનો ખાર રાખી તેઓની વિરૂઘ્ધ તદ્દન ખોટી ફરીયાદ ઉભી કરેલાનું અને તેવી ખોટી ફરીયાદ અન્વયે તેઓને ખોટી રીતે સંડોવી દઈ ખોટા પુરાવા તથા ખોટા પંચનામા ઉભા કરી ખોટી રીતે ચાર્જશીટ કરવામાં આવેલાનું અને તેઓ તદ્દન નિર્દોષ હોવાની** રજુઆત કરેલ છે. વિશેષમાં આરોપીઓ પૈકી કોઈ આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદો તપાસેલ નથી.

**(૬)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા ફરીયાદી **સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી કે.બી.ડોડીયાની** તથા **આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી આર.આર.બસીયાની** સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** ફરીયાદપક્ષે વિઘ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ કે, ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂઘ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરેલ હોય, આરોપીઓને તેમની વિરૂઘ્ધના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ.

તેઓએ વધુમાં રજુઆત કરેલ કે, પક્ષકારો એક જ ગામના હોય, એકબીજાને ઓળખતા હોય, બનાવ અગાઉ ફરીયાદીની ભત્રીજીના પ્રેમ સબંધ બાબતે આરોપીઓ સાથે બોલાચાલી થયેલ, તેનો ખાર રાખી બનાવ વખતે આરોપીઓએ એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના ઈરાદે લોખંડના પાઈપ, ધોકા, છરી જેવા હથિયારો ધારણ કરી તેમજ છુટા પથ્થરોના ધા કરી ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોને જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી આક્ષેપીત ગુનો કરેલાના આક્ષેપ છે. જેના સંદર્ભમાં ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોનો પુરાવો જોતા ફરીયાદ હકીકત પુરવાર થાય છે.

તેઓએ વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદીના પુરાવાને અન્ય ઈજાપામનાર સાહેદોના પુરાવાથી તેમજ ફરીયાદી અને ઈજાપામનારાઓને સારવાર આપનાર ડોકટરના પુરાવાથી તેમજ તેઓએ આપેલ સારવારના સર્ટિફીકેટ ઉપરથી સ્પષ્ટ સમર્થન મળે છે, ત્યારે ઈજાપામનારાઓએ આરોપીઓ વિરૂઘ્ધ ખોટો પુરાવો આપવા માટે કોઈ કારણ નથી.

વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદી તથા ઈજાપામનારાઓનો સમગ્ર પુરાવો ઘ્યાનમાં લેતા ઈજાપામનારાઓને થયેલ ઈજાઓ આરોપીઓ ઘ્વારા મુદ્દામાલ હથિયારોથી નહી પરંતુ અન્ય કોઈ રીતે થયેલ હોય તેવી લેશમાત્ર હકીકતો રેકર્ડ પર આવતી નથી અને આ તમામ સાહેદોના પુરાવાને ફરીયાદીની ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી સમર્થન મળે છે.

આમ, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂઘ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરેલ હોય, આરોપીઓને તેઓની વિરૂઘ્ધના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૮) જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે વિઘ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદી તથા ઈજાપામનારાઓ અને આરોપીઓ એક જ ગામના અને એક જ કુટુંબના તદ્દન નજીકના સગાઓ થતા હોવાછતાં ફરીયાદીએ બનાવ બાદ ડોકટર રુબરુ આપેલ હિસ્ટ્રીમાં તમામ આરોપીઓના નામ જણાવેલ નથી તેમજ ફરીયાદ પક્ષ ઘ્વારા માત્ર હિત ધરાવનાર સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ રહેણાંક વિસ્તારમાં બનેલાનું અને ત્યાં આસપાસ ઘણા બધા રહેણાંક મકાનો આવેલ હોવાછતાં ફરીયાદપક્ષ ઘ્વારા કોઈ જ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી તેમજ ફરીયાદી અને ઈજાપામનારાઓનો પુરાવો જોતા પણ એકબીજા કરતા વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવે છે અને બનાવ વખતે કયા આરોપીએ કોને, કયા હથિયારથી શું ઈજા કરેલી તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર નથી.

વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદીની ફરીયાદ હકીકત અને ફરીયાદીનો પુરાવો પણ એકબીજા કરતા વિરોધાભાસી હોવાનું અને ફરીયાદીએ તેની ફરીયાદમાં આરોપી નાથાભાઈ એ માથામાં પથ્થર મારેલાનું જયારે પુરાવામાં છુટા પથ્થરના ઘા કરેલાનું જણાવેલ છે. તેવી જ

રીતે જે આરોપી પાસે છરી હોવાનો અને છરી વતી ગુજરનાર આરોપી જયાબેનને કાન પાસે ઘા કરી ઈજા કરેલાનો આરોપ છે તે બાળ આરોપી છે. જયારે બાકીના આરોપીઓ પાસે શું હથિયાર હતા અને કોણે, કોને કયાં શું ઈજા કરેલી તે બાબતે ફરીયાદી તથા તમામ ઈજા પામનાર સાહેદોના પુરાવામાં એકબીજા કરતા વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવે છે.

વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતા બનાવ વખતે કયા આરોપી ધ્વારા કોને શું જાહેરમાં ઉશ્કેરણી કરવાના ઈરાદે શું બિભત્સ ગાળો બોલેલી કે કયા શબ્દોમાં કોણે શું ગાળો ઉચ્ચારેલી તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો કે ગાળના કોઈ ચોકકસ શબ્દો પણ ફરીયાદી કે ઈજાપામનાર સાહેદોના પુરાવા થકી રેકર્ડ પર આવતા નથી. તેવી જ રીતે ઈજાપામનારાઓને થયેલ ઈજા તદ્દન સાદી ઈજાઓ હોવાનું અને તેવી ઈજાઓ અકસ્માતે કે પડી જવાથી પણ થઈ શકે તેવી હોવાછતાં અને ઈજાપામનારાઓને શરીરના વાઈટલ પાર્ટસ ઉપર કોઈ ગંભીર વ્યથા કે મહાવ્યથા ન હોય, ગુનો ઈ.પી.કો.કલમ ૩૦૭ ના વ્યાપમાં પડતો નથી.

વધુમાં રજુઆત કરેલ કે, બનાવ વખતે પક્ષકારો વચ્ચે સામ–સામે ક્રોસ ફરીયાદો થયેલી. જેમાં હાલના આરોપી તરફે ફરીયાદી તથા સાહેદો સામે કરેલ ફરીયાદના કામે નોંધાયેલ કેસ ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાલી જતા ટ્રાયલ કોર્ટે સદરહુ કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા બનાવ જાહેર જગ્યાએ રહેણાંક વિસ્તારમાં બનેલ હોવાછતાં ફરીયાદપક્ષ તરફે કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નહી હોવાનું તેમજ માત્ર હિત ધરાવનાર સાહેદોનો પુરાવો પણ એકબીજા કરતા વિરોધાભાસી હોવાનું અને હિત ધરાવનાર સાહેદોના પુરાવાને અન્ય સ્વતંત્ર અને તટસ્થ પુરાવાથી સમર્થન મળતુ નહી હોવાનું તેમજ ઈજાપામનારાઓને થયેલ ઈજા પડી જવાથી અકસ્માતે થઈ શકે તેવી હોવાનું ઠરાવી ક્રોસ કેસના આરોપીઓને જયારે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ હોય ત્યારે ક્રોસ કેસના કામે ફરીયાદી તથા ઈજાપામનારને થયેલ ઈજા આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થયેલ ન હોય ત્યારે હાલના કેસમાં પણ બનાવ વખતે બનાવ સ્થળે આરોપીઓની હાજરી તેમજ ઈજાપામનારાઓને થયેલ ઈજા આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોવાની હકીકત માની શકાય નહી.

આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

**(૯)** રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો, બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓએ કરેલ રજુઆતો, કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા કેસના અંતીમ નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –// મુ દ્દા ઓ //–

**/૧/** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, પક્ષકારો એક જ ગામના હોય અને આજુબાજુમાં જ રહેતા હોય, બનાવ અગાઉ ફરીયાદીની ભત્રીજી સાથે આરોપી નં.૬ ને પ્રેમ સબંધ હોય, તે બાબતે પક્ષકારો વચ્ચે ઝઘડો થયેલ, તેનો ખાર રાખી હાલના તમામ આરોપીઓએ ગુજરનાર સહ આરોપીઓ સાથે મળી એકસંપ થઈ ગુનાહિત કાવતરૂ ઘડી ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે લોખંડના પાઈપ, છરી, પથ્થરો ધારણ કરી, આવી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના સમાન ઈરાદે તા.૨૨–૦૩–૨૦૨૦ નાંરોજ રાત્રીના કલાક ૨૧–૩૦ વાગ્યાના અરસામાં ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદો એવા ફરીયાદીના પત્નિ તથા બંને પુત્રો રાજકોટ તાલુકાના લીલી સાજડીયાળી ગામે તેઓના ઘર નજીક નાનજીભાઈ મકવાણાની દુકાન પાસે ઉભા હતા ત્યારે તમામ આરોપીઓએ રીક્ષામાં તથા ચાલતા ત્યાં આવી ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો આપી જાહેરમાં ઉશ્કેરણી કરી અન્યની જીદગી અથવા શારીરિક સલામતી ભયમાં મુકાય તેવા ઈરાદે બેફામપણે છુટા પથ્થરોના ઘા કરેલા. આમ કરી તમો તમામ આરોપીઓએ **ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા કલમ ૧૪૯ તથા કલમ ૩૩૭, ૫૦૪** મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

**/૨/** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે હાલના તમામ આરોપીઓએ ગુજરનાર સહ આરોપીઓ સાથે મળી ગુનાહિત કાવતરૂ ઘડી, ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે ગેરકાયદેસર મંડળીનો સમાન ઈરાદો પાર પાડવા છરી, લોખંડના પાઈપ જેવા હથિયારો ધારણ કરી ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે આરોપી નં.૮ પ્રવિણ નાથાભાઈએ ફરીયાદીને માથાના ભાગે લોખંડના પાઈપનો ઘા મારી જયારે આરોપી નં.૬ નાઓએ ફરીયાદીને કાન પાસે છરીનો ઘા મારી ગુજરનાર આરોપી નાથાભાઈએ ફરીયાદીને માથાના ભાગે છુટા પથ્થરોના ઘા મારી ગંભીર મહાવ્યથા કરી તેનું મોત નીપજાવવાની કોશીષ કરી, જયારે આરોપી નં.૫ નાએ ઈજા પામનાર જયસુખભાઈને જયારે આરોપી નં.૪ નાએ ઈજાપામનાર સંજય ને પડખાના ભાગે પાઈપના ઘા મારી આરોપી નં.૧,૨, ૩, ૭ નાઓએ ગુજરનાર સહ આરોપીઓ સાથે મળી અન્યની જીદગી અથવા શારીરિક સલામણી ભયમાં મુકાય તેવા ઈરાદે ફરીયાદી તથા સાહેદોને છુટા પથ્થરો ના ઘા મારી એકબીજાની ગુનાહિત મદદગારીમાં ઈજાપામનારાઓને સ્વૈચ્છાપુર્વક મહા વ્યથા પહોંચાડી **ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા કલમ ૧૪૯ અને કલમ ૩૦૭,** મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ આચરેલ છે ?

/૩/ શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે શહેર પોલીસ કમિશ્નરશ્રીનું જાહેરનામુ અમલમાં હોવાછતાં આરોપીઓએ ગુનાહિત કાવતરૂ ઘડી ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના ઈરાદે આરોપી નં.૪, ૫ અને ૮ નાઓએ લોખંડના પાઈપ તથા આરોપી નં.૬ નાએ છરી તથા અન્ય આરોપીઓએ છુટા પથ્થરો ધારણ કરી તેનો ઉપયોગ ફરીયાદી ને જાનથી મારી નાખવાના ઈરાદે ગંભીર મહાવ્યથા પહોંચાડવામાં તેમજ સાહેદ જયસુખભાઈ તથા સંજયભાઈ અને લીલાબેનને સ્વૈચ્છા પૂર્વક વ્યથા પહોંચાડવા માટે કરી સદર હથિયારબંધીના જાહેર નામાનો ભંગ કરી **જી.પી.એકટની કલમ ૧૩૫(૧)** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

/૪/ શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

/૧/ નકારમાં,
/૨/ નકારમાં,
/૩/ નકારમાં,
/૪/ આખરી હુકમ મુજબ.

-// **કા ર ણો** //-

**(૧૧)** **મુદ્દા નં.૧ થી ૩** :-

ઉપરોકત બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તેમજ આ બંને મુદ્દાઓના સંદર્ભમાં ફરીયાદપક્ષનો પુરાવો પણ સરખો જ હોય, વારંવાર હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા આરોપીઓ સામેના ઉપરોકત આક્ષેપો જોવામાં આવે તો આરોપીઓ સામે અગાઉથી રચેલ ગુનાહિત કાવતરાના ભાગ રૂપે ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના હેતુથી ફરીયાદી તથા સાહેદોને જાહેરમાં ઉશ્કેરણી કરવાના ઈરાદે બિભત્સ ગાળો આપી ઉશ્કેરણી કરી અન્યની જીદગી અથવા શારીરિક સલામતી ભયમાં મુકાય તેવા ઈરાદે બેફામપણે છુટા પથ્થરોના ઘા કરી ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે લોખંડના પાઈપનો ઘા મારી તેમજ કાન પાસે છરી મારી જયારે ઈજાપામનાર સાહેદો ફરીયાદીના પુત્રો જયસુખભાઈ, સંજયભાઈને પડખાના

ભાગે પાઈપના ઘા મારી તેમજ ફરીયાદી તથા ત્રણેય ઈજાપામનારાઓને છુટા પથ્થરોના ઘા મારી સ્વૈચ્છા પૂર્વક ગંભીર વ્યથા અને મહાવ્યથા પહોંચાડી **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા કલમ ૧૪૯** મુજબ ગુનાઓ કરેલાના આક્ષેપ છે, ત્યારે સૌ પ્રથમ આ કલમના આવશ્યક તત્વો જોવામાં આવે તો :

**કલમ ૩૦૭ : ખૂન કરવાની કોશિષ :**

"કોઈપણ વ્યકિત, કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી પોતે મૃત્યુ નીપજાવત તો ખુન માટે દોષિત થાત, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા તથા તે દંડને પાત્ર પણ થશે અને તેવા કૃત્યથી કોઈને ઈજા થાય તો ગુન્હેગાર આજીવન કેદ અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની સજાને પાત્ર થશે. "

**કલમ ૩૩૭ : અન્યની જીંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મૂકે તેવા કૃત્યથી વ્યથા પહોંચાડવી :**

"કોઈપણ વ્યકિત, માનવ જીંદગી કે અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાય તેમ બેફામપણે અથવા બેદરકારી પૂર્વક કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા પહોંચાડે તેને છ માસ સુધીની બેમાંથી કોઈપ્રકારની કેદ અથવા પાંચસો રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા કરવામાં આવશે."

**કલમ ૫૦૪ : સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન :**

"ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતીનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતીનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવાછતાં કોઈપણ વ્યકિત, ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે."

**કલમ ૧૪૩ : સજા :**

"કોઈપણ વ્યકિત, ગેરકાનૂની મંડળીની મંડળીની સભ્ય હોય તેને છ માસ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે."

**કલમ ૧૪૭ : હુલ્લડ માટે સજા :**

"કોઈપણ વ્યકિત, હુલ્લડ માટે દોષ્તિ હોય તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે."

**કલમ ૧૪૮ : પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને હુલ્લડ :**

"કોઈપણ વ્યકિત, પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને અથવા તેવી વસ્તુ જે ગુન્હાના હથિયાર તરીકે વપરાતી હોય અને જેનાથી મૃત્યુ નીપજી શકે, હુલ્લડ માટે દોષિત હોય તેને ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે."

**કલમ ૧૪૯ : ગેરકાનૂની મંડળીનો પ્રત્યેક સભ્ય સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરતા ગુન્હા અંગે દોષીત :**

"ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાાડવા માટે તે મંડળીના સભ્યથી કોઈ ગુન્હો થાય અથવા તે હેતુ પાર પાડવા માટે જે ગુન્હો થવાનો સંભવ હોવાનું તે મંડળીના સભ્યો જાણતા હોય તેવો ગુન્હો થાય તો, તે થવા સમયે તે મંડળીની સભ્ય હોય તેવી પ્રત્યેક વ્યકિત તે ગુના માટે દોષિત ઠરે છે."

આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ઉપરોકત ગુન્હા સબબ કાયદાથી પ્રસ્થાપિત ઉપરોકત આવશ્યક તત્વો નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવી જરૂરી માનુ છું અને તે સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો જોતા આ કામમાં ફરીયાદી કેશુભાઈ તથા ફરીયાદીના પત્નિ ઈજાપામનાર સાહેદ લીલાબેન અને ફરીયાદીના પુત્ર ઈજાપામનાર સાહેદ જયસુખભાઈ મકવાણાનો પુરાવો તે સૌથી અગત્યનો પુરાવો ગણી શકાય.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે આ કામના **ઈજાપામનાર/ફરીયાદી કેશુભાઈ ગોરાભાઈ મકવાણા સાહેદ નં.૭ ને આંક–૫૫** થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ બનાવ તેમના ગામમાં નાનજીભાઈ મકવાણાની દુકાન પાસે સાંજના સાડા નવેક વાગ્યે બનેલો, જેમાં આ કામના આરોપીઓ તેઓ જયાં ઉભા હતા ત્યારે આવેલા અને તેઓને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ, જેથી તેઓએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નાથાભાઈએ તેમને છુટ્ટા પથ્થરનો ઘા મારેલ, જયારે આરોપી પ્રવિણ નાથાભાઈએ તેમને પાઈપ મારેલો અને મયુર પવાભાઈએ તેમને જમણી બાજુ કાન પાસે છરી મારેલી તેમજ આરોપી કેતન પવાભાઈએ તેમને કાન પાસે છરી મારેલી જયારે રમેશ મનજીભાઈએ તેમને છાતીમાં પથ્થર મારેલો જયારે મુન્ના મનજીભાઈએ પથ્થર મારેલ. તેવી જ રીતે તેમના દિકરા જયસુખને આરોપી અરવિંદ મોહનભાઈએ પાઈપ મારેલો જયારે નાના દિકરા સંજયને આરોપી વિપુલ નાનજીભાઈએ પડખામાં પાઈપ મારેલો જયારે આરોપી જયાબેને તેમના પત્નિને માર મારેલ. જેમાં તેઓ બધાને ઈજાઓ થતા ૧૦૮ માં સારવારમાં લઈ ગયેલા, જયાં તેઓએ પોલીસ રુબરુ ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેમના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક–૫૬ થી રજુ કરી તમામ હૈયાત આરોપીઓને કોર્ટ

રુબરુ ઓળખી બતાવી મુદ્દામાલ પૈકી માર્ક–આર નો પાઈપ આરોપી અરવિંદભાઈ મોહનભાઈના હાથમાં હોવાનું જયારે મુદ્દામાલ માર્ક–કે નો પાઈપ આરોપી પ્રવિણભાઈ નાથાભાઈ મકવાણાના હાથમાં હોવાનું જયારે મુદ્દામાલ માર્ક–ડી ની છરી આરોપી મયુર પવાભાઈના હાથમાં હોવાનું ઓળખી બતાવી બનાવ વખતે તેઓએ પહેરેલ મુદ્દામાલ કપડા ઓળખી બતાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, આરોપીઓ તેમના ગામન હોવાથી બનાવ પહેલાથી જ તમામ આરોપીઓને તેઓ ઓળખે છે. તેઓએ કબુલ કરેલ કે, **ડોકટરે તેમને બનાવ બાબતે પુછેલ ત્યારે ડોકટર રુબરુ તેઓએ ફકત ત્રણ વ્યકિતઓના જ નામ આપેલા, જયારે ફરીયાદ તેઓએ ૧૦ વ્યકિતઓ વિરૂઘ્ઘ કરેલી** અને ડોકટરી સલાહ વિરૂઘ્ઘ તેઓએ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લીધેલ. તેઓએ કબુલ કરેલ કે, **તેઓ અભણ છે અને લખતા–વાંચતા આવડતુ નથી.** તેઓ પ્રથમ વખત દવાખાના માં પોલીસને મળેલ અને પોલીસ આવેલ ત્યારે તેમની સારવાર ચાલુ હતી. તેઓએ કબુલ કરેલ કે, **આરોપીઓએ તેઓની વિરૂઘ્ઘ પણ ફરીયાદ કરેલી.** તેઓએ એમ પણ કબુલ કરેલ કે, **બનાવ વખતે તેઓએ તથા તેમના દિકરાએ સામાવાળા જયાબેન નાનજીભાઈ, પ્રવિણ નાથાભાઈ અને વિપુલભાઈ નાનજીભાઈને ઈજાઓ પહોંચાડેલી.** તેઓએ કબુલ કરેલ કે, **મુદ્દામાલના જે કોઈ હથિયારો તેઓએ આજરોજ ઓળખી બતાવેલા તેનુ કોઈ વર્ણન તેમની પોલીસ રુબરુની ફરીયાદમાં લખાવેલ નથી** અને તેમની ફરીયાદ સિવાય તેમનું બીજુ કોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. તેઓએ કબુલ કરેલ કે, મુદ્દામાલ હથિયારો જેવા હથિયારો બજારમાં સહેલાઈથી મળી શકે છે. તેઓએ એમ પણ કબુલ કરેલ કે, બનાવવાળી જગ્યાએ આસપાસ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે. તેઓએ એમ પણ કબુલ કરેલ કે, કૌશીક મનજીભાઈ મકવાણા તેમના ભત્રીજા થાય છે અને તે હાલ રાજકોટ શહેર પોલીસમાં ફરજ બજાવે છે. બનાવ બાદ તેઓ એક જ વાહનમાં હોસ્પિટલે ગયેલા અને પોલીસ તેમની પાસે આવેલ ત્યારે તેમનો દિકરો સંજય તથા જયસુખ તેઓની સાથે જ હાજર હતા. તેઓએ એમ પણ કબુલ કરેલ છે કે, તેઓએ આરોપીઓ વિરૂઘ્ઘ અને આરોપીઓએ તેમની વિરૂઘ્ઘ આ બનાવ પહેલા કોઈ પોલીસ ફરીયાદ કરેલી નહી. જો કે તેઓએ સ્પષ્ટ ઈન્કાર કરેલ કે, તેઓ મોટર સાયકલ લઈને જતા હોય અને મોટર સાયકલ સ્લીપ થતા પડી જતા ઈજાઓ થયેલ હોવાછતાં આરોપીઓ સામે રાગધ્વેષને કારણે તદૃન ખોટી ફરીયાદ ઉભી કરેલી.

આમ, આ સાહેદ ફરીયાદીનો સમગ્ર પુરાવો ઘ્યાનમાં લેતા તેઓ બનાવ અગાઉથી આરોપીઓને ઓળખતા હોવાછતાં બનાવ બાદ તુરત જ તેઓએ ડોકટર રુબરુની હિસ્ટ્રીમાં માત્ર ત્રણ જ આરોપીઓના નામ જાહેર કરેલાનું જયારે બનાવ બાદ પોતે ૧૦ આરોપીઓ વિરૂઘ્ધ ફરીયાદ જાહેર કરેલાનું જણાઈ આવે છે. તે જ રીતે હાલના બનાવમાં તેઓએ તથા તેમના દિકરાઓએ આ કામના ફરીયાદી તથા સાહેદોને માર મારવા સબંધે તેઓની વિરૂઘ્ધ પણ ગુનો નોંધાયેલાનું ફલિત થાય છે. તેવી જ રીતે તેઓએ આપેલ ફરીયાદમાં મુદ્દામાલ હથિયારોનું કોઈ વર્ણન તેમની ફરીયાદમાં કરેલ નહી હોવાનું જણાઈ આવે છે.

**(૧૩)** તેવી જ રીતે ફરીયાદપક્ષે ફરીયાદીના પત્નિ **ઈજાપામનાર લીલાબેન વા/ઓ. કેશુભાઈ ગોરાભાઈ મકવાણા સાહેદ નં.૬ ને આંક–૫૩** થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ બનાવ તેમના ગામમાં નાનજીભાઈ મકવાણાની દુકાન પાસે રાત્રીના સાડા નવેક વાગ્યે બનેલો, જેમાં સામાવાળાઓ નાથાભાઈ મેધાભાઈ, પ્રવિણ નાથાભાઈ, પ્રવિણભાઈના બે દિકરાઓ ચેતન અને મયુર, જયાબેન મનજીભાઈ, રમેશભાઈ મનજીભાઈ, મુન્નો મનજીભાઈ, મિલન રમેશભાઈ હતા જેઓ અમુક ઓટો રીક્ષામાં અને અમુક ચાલતા આવેલા અને તેઓને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ, જેથી તેમના ઘરવાળાએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નાથાભાઈએ તેમના પતિને માથામાં પથ્થર મારેલો અને આરોપી પ્રવિણ નાથાભાઈએ માથામાં પાઈપ મારેલો. જયારે ચેતન અને મયુરે કાનના ભાગે છરી મારેલી. જયારે આરોપી જયાબેને તેણીને છાતીના ભાગે પત્થર મારેલો અને તેમના દિકરા સંજયને પણ મારેલ જયારે આરોપી વિપુલે તેમના દિકરા જયસુખને પાઈપ મારેલો. જયારે તેમના દિકરા સંજયને આરોપી મિલને પથ્થર મારેલો.

આ સાહેદે વધુમાં જણાવેલ કે, તેઓને મારવાનું કારણ એવુ હતુ કે, તેમના જેઠની દિકરી હિનાને આરોપી મયુર સાથે આડા સબંધ હતા જેથી તેઓએ તેને સમજાવતા તેઓ ન માનતા તેઓની વિરૂઘ્ધ ખાર રાખી આ બનાવ બનેલો અને બનાવ સબંધે તેમના પતિએ પોલીસમાં ફરીયાદ આપતા પોલીસે તેમનું નિવેદન લીધેલનું જણાવી આરોપીઓને ઓળખી બતાવી મુદ્દામાલ ઓળખતા હોવાનું જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, **તેણી અભણ છે અને લખતા વંચતા આવડતુ નથી** અને આરોપીઓ તેમના ગામન હોવાથી બનાવ પહેલાથી જ તમામ આરોપીઓને તેણી ઓળખે છે અને તેઓના તથા આરોપીઓના મકાન આસપાસમાં પચ્ચાસ ફુટના અંતરે આવેલા છે. તેઓએ કબુલ કરેલ કે, બનાવ

નાગજીભાઈની દિકરા પાસે બનેલ, જે દુકાન તેમના ઘરથી આશરે ૧૦૦ ફુટના અંતરે આવેલ છે અને દુકાનની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલ છે, જયાં કોઈ જોશ જોશથી બોલે તો આજુબાજુના બધા મકાનમાં સંભળાય શકે. તેઓએ ઈન્કાર કરેલ કે, તેણી સારવાર માટે હોસ્પિટલ ગયેલ ત્યારે બેભાન અવસ્થામાં હતા. તેણીએ જણાવેલ કે, **તેણીને ડોકટરે કોઈ હિસ્ટ્રી પુછેલ નહી કે તેણીએ કાંઈ લખાવેલ નહી પણ સ્વૈચ્છાએ જણાવેલ કે, તેમના ઘરવાળાએ તમામ વિગતો લખાવેલી.** તેઓએ કબુલ કરેલ કે, બનાવ બાદ હોસ્પિટલ તેણી, તેણીના પતિ અને બંને દિકરાઓ એક જ વાહનમાં ગયેલા. તેણીએ ઈન્કાર કરેલ કે, બનાવ બાદ બીજા દિવસે તેમને હોસ્પિટલમાંથી રજા આપી દિધેલી. જો કે તેણીએ સ્વૈચ્છાએ જણાવેલ કે, તેઓ તેમની મરજીથી હોસ્પિટલમાંથી જતા રહયા બાદ લોટસ હોસ્પિટલમાં ત્રણ ચાર દિવસ સારવાર લીધેલી. બનાવ બાદ તેઓ પોલીસ પાસે તાત્કાલીક ગયેલા.

આ સાહેદે વધુમાં કબુલ કરેલ કે, **બનાવમાં તેણીના પતિ અને દિકરા જયસુખે પણ સામાવાળને માર મારેલો જેથી સામાવાળાઓએ તેમના પતિ અને દિકરા સામે ફરીયાદ કરેલી** અને કૌશીકભાઈ મકવાણા તેમના ભત્રીજા થાય છે જે રાજકોટ પોલીસમાં નોકરી કરે છે. તેણીએ જણાવેલ કે, બનાવ બાદ પોલીસ તેમના ઘરે આવેલ, જયાં તેમનો જવાબ લેવામાં આવેલ. આ સાહેદે ઈન્કાર કરેલ કે, તેઓ જયાબેન અને નાથાભાઈને માર મારતા હતા તે વખતે બીજા લોકો તેઓને છુટા પાડવા માટે આવેલ હતા તેથી તેઓએ અને તેમના પતિ અને દિકરાઓએ તેઓને પણ માર મારેલ. તેણીએ ઈન્કર કરેલ કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવાછતાં આરોપીઓએ તેઓની વિરૂઘ્ધ ફરીયાદ કરતા તેઓએ ખોટી ફરીયાદ પાછળથી ઉભી કરેલી અને તેણી ખોટો પુરાવો આપે છે.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા ડોકટર રુબરુ ઈજાની હિસ્ટ્રી આ સાહેદે નહી પરંતુ તેણીના પતિએ આપેલાનું તેમજ બનાવ રહેણાંક વિસ્તારમાં બનેલાનું અને જે જગ્યાએ બનાવ બનેલ ત્યાં અવાજ થાય તો પણ આસપાસ તમામ મકાનમાં સંભળાય તેવી જગ્યા હોવાનું તેમજ બનાવ વખતે સામ–સામે મારામારી થતા તેમના પતિ, છોકરાઓ વિરૂઘ્ધ સામાવાળાઓને માર મારવા સબંધે ગુનો નોંધાયેલાનું જણાઈ આવે છે.

**(૧૪)** તેવી જ રીતે ફરીયાદપક્ષે ફરીયાદીના પુત્ર **ઈજાપામનાર જયસુખભાઈ કેશુભાઈ મકવાણા સાહેદ નં.૮ ને આંક–૫૭** થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ બનાવ તેમના ગામમાં નાનજીભાઈ મકવાણાની દુકાન પાસે બનેલ. જેમાં અમુક આરોપીઓ રીક્ષામાં અને અમુક આરોપીઓ ચાલીને આવેલા. જેમાં નાથાભાઈ

મેધાભાઈ, પ્રવિણભાઈ નાથાભાઈ, ચેતનભાઈ પ્રવિણભાઈ, મયુરભાઈ પ્રવિણભાઈ, રમેશભાઈ મનજીભાઈ, મુન્નાભાઈ મનજીભાઈ, અરવિંદ મોહનભાઈ, વિપુલ નાનજીભાઈ અને જયાબેન મનજીભાઈ મકવાણા આવેલા અને તેઓને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ. જેથી તેમના પિતાએ ગાળો બોલવાની ના પાડતા આરોપી પ્રવિણભાઈએ તેમના પિતાને માથામાં પાઈપ મારેલ જયારે નાથાભાઈએ તેમના પિતાને પથ્થરના ધા મારેલ. જયારે આરોપી ચેતન તથા મયુરે તેમના પિતાને કાન પાસે છરી મારેલી. જયારે આરોપી વિનોદ ઉર્ફે અરવિંદ મોહને તેમને પડખામાં પાઈપ મારેલ. જયારે આરોપી રમેશભાઈ અને મુન્નાભાઈએ તેમના પિતાને પથ્થર મારેલ જયારે આરોપી જયાબેને તેમના માતાને છાતીના ભાગે મારેલુ. ત્યારબાદ ૧૦૮ ને ફોન કરતા તેમાં બેસીને તેઓ બધા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવી મુદ્દામાલ હથિયારો ઓળખી બતાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, **આ ગુન્હામાં એક જ છરી વાપરવામાં આવેલી.** તેઓએ કબુલ કરેલ કે, તેમના પોલીસ રુબરુના નિવેદનમાં **મુદ્દામાલ પાઈપનું કોઈ વર્ણન લખાવેલ નથી.** તેઓએ એમ પણ કબુલ કરેલ કે, ડોકટરે તેમને બનાવ બાબતે પુછેલ ત્યારે **ડોકટર રુબરુની હિસ્ટ્રીમાં તેઓએ બે જ આરોપી પ્રવિણભાઈ અને મયુરભાઈના નામ લખાવેલા**. તેઓએ કબુલ કરેલ કે, તેમને હાથ ઉપર કોઈ ઈજા થયેલ નહી.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તેઓ ભોગ બનનાર અને ઈજાપામનાર હોવાછતાં ડોકટર રુબરુની હિસ્ટ્રીમાં માત્ર બે જ આરોપીઓના નામ જણાવેલ હોવાનું જયારે ફરીયાદીએ ફરીયાદ ૧૦ આરોપીઓ વિરૂધ્ધ કરેલાનું જણાઈ આવે છે. તે જ રીતે આ સાહેદે તેમની સરતપાસમાં આરોપી ચેતન અને મયુર એમ બંને આરોપીએ તેમના પિતાને કાન પાસે છરી મારેલાનું જણાવેલ હોવાછતાં તેમની ઉલટતપાસમાં બનાવમાં માત્ર એક જ છરી વાપરવામાં આવેલાનું કબુલ કરેલ છે. આમ, આ સાહેદ હિત ધરાવનાર સાહેદ હોવાછતાં તેમની સરતપાસ અને ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ હકીકતો એક બીજા કરતા વિરોધાભાસી હોવાનું જણાઈ આવે છે.

વધુમાં ફરીયાદપક્ષના આ ત્રણેય હિત ધરાવનાર સાહેદોની વિરૂધ્ધ આ કામના આરોપી પક્ષે ફરીયાદ કરેલાનું અને તે ફરીયાદ અન્વયે તેઓની વિરૂધ્ધ ક્રોસ કેસ નોંધાયેલ હોવાની હકીકતો રેકર્ડ પર આવેલ હોવાછતાં આ સાહેદોએ તેમની સરતપાસમાં ક્રોસ કેસ સબંધેની કોઈ હકીકતો જણાવેલ નહી હોવાનું જણાઈ આવે છે.

**(૧૫)** ફરીયાદી તથા ઈજાપામનારાઓને **સારવાર આપનાર મેડીકલ ઓફિસર ડો.રીકલ પાપણીયા સાહેદ નં.૯ આંક–૬૦** ના પુરાવા મુજબ તેઓ ફરજ પર હતા ત્યારે ઈજાપામનાર કેશુભાઈ, લીલાબેન, સંજયભાઈ તથા જયસુખભાઈ સારવાર માટે આવેલાનું અને તે પૈકી ઈજાપામનાર કેશુભાઈએ ઈજાની હિસ્ટ્રીમાં સાજડીયા ગામે સાંજના નવેક વાગે મયુર, ચેતન, પવાભાઈ તથા પ્રવિણે ધોકા પાઈપ, છરીથી મારેલાની હિસ્ટ્રી આપેલાનું જયારે ઈજાપામનાર લીલાબેને પ્રવિણ નાથા વિગેરેએ ધારીયાથી મારેલાની હિસ્ટ્રી આપેલ. જયારે સંજય કેશુભાઈએ ગામમાં રમેશભાઈ, મયુરભાઈ, ચેતનભાઈ અને પવાભાઈ વિગેરે એ પાઈપ, ધોકા, કુહાડીથી માર મારેલાનું જયારે ઈજાપામનાર જયસુખભાઈએ આરોપી પ્રવિણ તથા મયુરે ધોકાથી માર મારતા ઈજા થયેલાની હિસ્ટ્રી આપેલ. આ તમામ દર્દીઓને તપાસતા સામાન્ય ઈજા હોય, જે ઈજાઓ સબબ જરૂરી સારવાર આપી સર્ટિફીકેટ આપેલાનું તેમજ પોલીસ યાદી અન્વયે આરોપીઓના લોહીના નમુના લઈ તપાસ અર્થે સોપી આપેલાનું જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, **ચારેય દર્દીઓને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હતી.** તેઓએ એમ પણ કબુલ કરેલ કે, **ઈજા પામનાર સંજયભાઈ અને જયસુખભાઈના શરીરે કોઈ બાહય ઈજાના નિશાન જણાયેલ નહી.** તેઓએ એમ પણ કબુલ કરેલ કે, **ઈજાપામનાર કેશુભાઈ તથા લીલાબેનને માથાના ભાગે કોઈ આંતરીક ઈજાઓ જોવા મળેલ નહી.**

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા ઈજાપામનારાઓને માત્ર સાદી ઈજા હોવાનું જયારે ઈજાપામનાર કેશુભાઈ તથા લીલાબેનને માથાના ભાગે કોઈ આંતરીક ઈજા નહી હોવાનું જણાઈ આવે છે. તે જ રીતે આ સાહેદ રુબરુ ઈજાપામનારાઓએ ઈજાની આપેલ હિસ્ટ્રી તેમજ જણાવેલ હથીયારો ફરીયાદ હકીકત તથા આ સાહેદોના પુરાવાથી વિરોધાભાસી હોવાનું જણાઈ આવે છે.

**(૧૬)** વધુમાં ફરીયાદપક્ષે **ફરીયાદીની ફરીયાદ લેનાર પી.એસ.આઈ. રમણભાઈ વેજાભાઈ કડછા સાહેદ નં.૧૧ ને આંક–૬૮** થી તપાસેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ ફરજ પર હતા ત્યારે પી.એસ.ઓ. ડેપ્યુટ હુકમ કરતા તેઓ સરકારી હોસ્પિટલ ગયેલા અને ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ. જે તેમને વાંચી સંભળાવતા ફરીયાદીએ તેઓ રુબરુ અંગુઠાનું નીશાન કરેલ અને તેમના પુત્ર જયસુખભાઈએ ફરીયાદીના અંગુઠાનું નીશાન ઓળખી બતાવેલ અને રુબરુમાં તેઓએ પોતાની સહી કરી

ફોરવર્ડીગ પત્ર સાથે ફરીયાદીની ફરીયાદ ગુનો દાખલ કરવા માટે મોકલી આપેલાનું જણાવેલ છે. જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં **તેઓએ હોસ્પિટલમાં અન્ય કોઈ ઈજાપામનારની પુછપરછ કરેલ નહી.**

જયારે ફરીયાદીની **ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ. રાજેશભાઈ ચૌહાણ સાહેદ નં.૧૦ આંક–૬૫** ના પુરાવા મુજબ તેઓ પી.એસ.ઓ.તરીકે ફરજ પર હતા ત્યારે પી.એસ.આઈ. કડછાએ ફરીયાદીની લીધેલ ફરીયાદ ફોરવર્ડીગ પત્ર સાથે આવતા તેઓએ ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરી તેની તપાસ પી.આઈ. વાઘેલાને સોપેલાનું જણાવેલ છે.

જયારે આ સાહેદે તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરવા તેમને લખેલ **આંક–૬૭ વાળા પત્રમાં કુલ પાંચ આરોપીઓના નામ જણાવવામાં આવેલા.**

આમ, આ બંને સાહેદોના પુરાવા સાથે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો તેમજ ઈજા પામનારાઓને સારવાર આપનાર ડોકટરનો પુરાવો ઘ્યાનમાં લેતા ફરીયાદીએ બનાવ બાદ તુરત જ ડોકટર રુબરુની હિસ્ટ્રીમાં માત્ર ત્રણ આરોપીઓના નામ જણાવેલ હોવાનું જયારે ફરીયાદમાં પાંચ આરોપીઓના નામ જણાવેલ હોવાની હકીકતો રેકર્ડ પર આવે છે. આમ, ખરેખર બનાવ વખતે કેટલા આરોપીઓ હતા તે બાબતે વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવે છે.

**(૧૭)** વધુમાં ફરીયાદપક્ષે આરોપી નં.૧ થી ૬ નાઓને ગુનાને કામે અટક કર્યાના તથા મુદ્દામાલ કપડા અને હથિયારો કબજે કર્યાના પંચનામાના **પંચ સાહેદ ખોડાભાઈ દાનાભાઈ મકવાણા સાહેદ નં.૧ ને આંક–૩૩** થી તથા **સદર પંચનામાના બીજા પંચ સાહેદ જગદીશભાઈ છગનભાઈ વાળા સાહેદ નં.૨ ને આંક–૩૫** થી તપાસેલ છે. જયારે ફરીયાદી તથા ઈજાપામનારાઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ **કરણભાઈ તરૂણભાઈ રાઠોડ સાહેદ નં.૪ ને આંક–૪૬** થી તથા સદર પંચનામાના બીજા પંચ **દિનેશ લક્ષ્મણભાઈ રાઠોડ સાહેદ નં.૫ ને આંક–૫૧** થી તપાસેલ છે. આ તમામ પંચ સાહેદોના પુરાવા મુજબ પોલીસે તેઓની તૈયાર લખાણમાં સહીઓ લીધેલ. જે પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવી અસલ પંચનામા રજુ કરેલ છે. પરંતુ પોલીસે તેઓને કોઈ જગ્યાએ પંચમાં બોલાવેલ હોય કે તેઓની રુબરુ કોઈ આરોપીઓના નામ, સરનામા પુછી તેઓએ બનાવ વખતે પહેરેલ કપડા કે મુદ્દામાલ હથિયારો કબજે લીધેલ હોય કે કોઈ ઈજા

પામનારાઓના કપડા લીધેલ હોય અને તે અંગે વિગતવાર પંચનામા કરી તેઓની સહીઓ લેવામાં આવેલ હોય તેવુ બનેલાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આમ આ પંચ સાહેદોના પુરાવાથી સદર પંચનામા પુરવાર થતા નથી.

**(૧૮)** વધુમાં ફરીયાદપક્ષે બનાવ બાદ બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર **એફએસએલ અધિકારી શીતલબેન ઉપાધ્યાય સાહેદ નં.૧૨ ને આંક–૭૦** થી તપાસેલ છે. આ સાહેદના પુરાવા મુજબ પોલીસ યાદી અન્વયે તેઓ સ્થાનીકે ગયેલા, જયાં મેઈન રોડ ઉપર દુકાન પાસે બનાવ બનેલ, જયાં એક ઓટો રીક્ષા પડેલી અને બનાવ સ્થળેથી જરૂરી નમુના લેવા પોલીસને સુચના કરેલ અને નાગજીભાઈ મકવાણાના ઘરમાં દુકાન તરીકે આવેલ ભાગના રોડ ઉપર પડતા લીલા રંગના દરવાજાના બહાર તરફના ભાગે જમણી બાજુ છુટા છવાયા નાના મોટા રતાશ પડતા ભુખરા ડાઘાઓ જોવામાં આવેલ. જેનું પ્રાથમીક પરીક્ષણ કરતા રુધીરની હાજરી માલુમ પડેલ અને આ અંગે તેઓએ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરી પોલીસને સોંપેલાનું જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર રોડ છે અને વાહન તથા માણસોની અવર જવર ચાલુ રહે છે. તેઓએ એમ પણ કબુલ કરેલ કે, બનાવવાળી જગ્યાએથી કોઈ પથ્થરો કબજે લેવાની તેઓએ કોઈ સુચના આપેલ નહી.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ ફરીયાદી તથા ઈજાપામનારાઓને છુટા પથ્થરોના ઘા મારેલ હોય કે તેવા કોઈ પથ્થરો આ કામે કબજે થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેવી જ રીતે બનાવવાળી જગ્યા એ જાહેર રોડ હોય, સતત મણસો તથા વાહનોની અવર જવર વાળો રસ્તો હોવાનું જણાય આવે છે. તે હકીકત સાથે રેકર્ડ પરનો પુરાવો જોતા બનાવ બાદ તુરત જ બનાવવાળી જગ્યા પોલીસ ધ્વારા આ સાહેદે બનાવ સ્થળનું પરીક્ષણ કરેલ ત્યાં સુધી કોર્ડન કરીને રાખેલ હોય તેવુ જણાઈ આવતુ નથી તેમજ સ્થાનીકે કોઈ પથ્થરો જોવામાં આવેલ હોય કે તેવા કોઈ પથ્થરો આ કામે મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવેલ હોય તેવુ પણ બનેલ નથી.

તેવી જ રીતે તપાસ દરમ્યાન કબજે લેવામાં આવેલ **મુદ્દામાલનું પરીક્ષણ કરનાર એફ.એસ.એલ.અધિકારી વેદપ્રકાશ યાદવ સાહેદ નં.૩ આંક–૩૯** ના પુરાવા મુજબ તેઓ ફરજ પર હતા ત્યારે આ ગુનાનો મુદ્દામાલ તપાસ અર્થે મળતા તેઓએ તેનું વૈજ્ઞાનીક પરીક્ષણ કરી તેનો અહેવાલ **આંક–૪૦** થી પોલીસને સોંપી આપેલાનું જણાવેલ છે.

આ સાહેદે તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, કોઈપણ બે વ્યકિના રુધીરના ગૃપ એક સરખા હોય શકે અને જયારે એકસરખા બે વ્યકિતના રુધીર પૃથ્થકરણ અર્થે મળે ત્યારે તેવા પાર્સલ ઉપર નામ જોગ અલગથી સ્ટીકર લગાવવામાં ન આવે તો કયુ પાર્સલ કોનુ છે કે તે સેમ્પલ કયા વ્યકિતનું છે તે કહી શકાય નહી.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવા સાથે અગાઉ પંચ સાહેદોના પુરાવાની ચર્ચા કર્યા મુજબ તપાસ દરમ્યાન પંચોની રુબરુ કોઈ મુદ્દામાલ હથિયારો કબજે લેવામાં આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી. તે જ રીતે અગાઉ ખુદ ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોના પુરાવાની વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ તેઓના પુરાવામાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવે છે. તે જ રીતે ફરીયાદ જોતા તેમાં માત્ર પાઈપ, છરી અને પથ્થરોનો ઉલ્લેખ છે. જયારે ફરીયાદી તથા ઈજાપામનારાઓને સારવાર આપનાર ડો.રીકલ રુબરુ ઈજાપામનારાઓએ આપેલ હિસ્ટ્રી મુજબ ધારીયા, કુહાડી, પાઈપ, તલવાર જેવા હથિયારો વડે ઈજા કરવામાં આવેલાનું જણાવેલ છે, પરંતુ રેકર્ડ જોતા તપાસ દરમ્યાન કોઈ આરોપીઓ પાસેથી ધારીયુ, તલવાર કે કુહાડી મળી આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ મુદ્દામાલ હથિયારો બાબતે પણ ખુદ ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોનો પુરાવો તેમજ ઈજાપામનારાઓએ ડોકટર રુબરુ આપેલ ઈજાની હિસ્ટ્રીમાં જણાવેલ હકીકતો એકબીજા કરતા વિરોધાભાસી હોવાની હકીકતો રેકર્ડ પર આવે છે. વધુમાં આ સાહેદનો પુરાવો માત્ર સમર્થનકારી પુરાવો હોય અને તેમના પુરાવાને ખુદ ફરીયાદી તથા ઈજાપામનારાઓના વિરોધાભાસી પુરાવાથી સમર્થન મળતુ નથી.

**(૧૯)** અંતમાં ફરીયાદપક્ષે ગુનાની **તપાસ કરનાર અમલદાર પી.આઈ. જી.એન.વાઘેલા સાહેદ નં.૧૩ ને આંક–૮૫** થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામાં તેઓએ ફરજના ભાગ રૂપે કરેલ કાર્યવાહીનો ચીતાર રજુ કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રોડ છે અને સતત માણસો તથા વાહનોની અવર–જવર રહે છે. તેઓએ કબુલ કરેલ કે, બનાવવાળી જગ્યાએ પથ્થરમારો થયેલ હોય તેવા કોઈ પથ્થરો જોવામાં આવેલ નહી. બનાવવાળી જગ્યાએ પડેલ રીક્ષા કોની માલિકીની હતી અને તેમાં શું નુકશાન થયેલ તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નથી કે રીક્ષાની માલિકીના કોઈ પેપર્સ તેઓએ મેળવેલ નથી કે આ કામે રજુ રાખેલ નથી. તેઓએ કબુલ કરેલ કે, તેઓએ તપાસ સંભાળ્યા બાદ ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. તેઓએ એમ પણ કબુલ કરેલ

કે, ઈજાપામનાર જયસુખભાઈ, સંજયભાઈ તથા લીલાબેનને બનાવ બાદ બીજા દિવસે જ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલી. ફરીયાદી કેશુભાઈએ કોઈ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલ હોય તો તેના કોઈ સારવારના પેપર્સ તેઓએ તપાસના કામે કબજે લીધેલ નથી. તેઓએ એમ પણ કબુલ કરેલ કે, તપાસ દરમ્યાન તેઓએ ઈજાપામનાર જયસુખભાઈનું નિવેદન બનાવ બાદ નવ દિવસ પછી લીધેલુ. તેઓએ એમ પણ કબુલ કરેલ કે, આ બનાવમાં સામ—સામે ક્રોસ ફરીયાદો નોંધાયેલી.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ કે જેઓ પોલીસ અધિકારી હોય અને તેઓને બનાવ સબંધે કોઈ અંગત જાતમાહિતી ન હોય અને તેમનો પુરાવો માત્ર સમર્થનકારી પુરાવો હોય, આવા સમર્થનકારી પુરાવાને અગાઉ ખુદ ફરીયાદી તથા ઈજા પામનારાઓના પુરાવાની વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ સ્પષ્ટ સમર્થન મળતુ નથી તેમજ સ્થાનીકે પથ્થરમારો થયેલ હોય તેવા કોઈ પથ્થરો જોવામાં આવેલ નથી કે તપાસ દરમ્યાન કબજે પણ થયેલ નથી. તેવી જ રીતે બનાવ વખતે પોલીસ કમિશ્નરશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામુ અમલમાં હોય કે તેવા જાહેરનામાની બનાવવાળી જગ્યાએ જાહેરમાં ચોડી બજાવી બજવણી થયેલ હોય કે આમ જનતાને સદર જાહેરનામાથી વાકેફ કરવામાં આવેલ હોય કે ઢોલ નગારા વગાડી જાહેર જનતાને આવા જાહેરનામાથી સુચિત કરવામાં આવેલ હોય તેવી પણ કોઈ હકીકતો રેકર્ડ પર આવતી નથી.

(૨૦) આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ પુરાવો એકી સાથે રાખી તેનું એવીડન્સ એકટની જોગવાઈ મુજબ વિશ્લેષણ કરતા પક્ષકારો એક જ ગામના અને એક જ કુટુંબના હોય અને એકબીજાને વ્યકિતગત રીતે ઓળખતા હોવાછતાં બનાવ બાદ તુરત જ ફરીયાદીએ હોસ્પિટલમાં ડોકટર રુબરુ માત્ર પાંચ આરોપીઓના નામ જાહેર કરેલા અને ત્યારબાદ આપેલ ફરીયાદમાં દશ આરોપીઓ જણાવેલ છે. તેવી જ રીતે ઈજાપામનાર સાહેદ જયસુખભાઈએ ડોકટર રુબરુની હિસ્ટ્રીમાં માત્ર બે જ આરોપીઓના નામ જણાવેલ છે. તેવી જ રીતે ફરીયાદીએ હોસ્પિટલમાં ડોકટર રુબરુ જાહેર કરેલ હિસ્ટ્રી આધારે સરકારી હોસ્પિટલ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલે સબંધીત પોલીસ સ્ટેશને જાણ કરતા નોંધાયેલ સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭/૨૦૨૦ માં પણ માત્ર પાંચ આરોપીઓના નામ હોવાછતાં ત્યારબાદ ફરીયાદીએ આપેલ ફરીયાદ ૧૦ આરોપીઓ સામે જાહેર થયેલ હોવાછતાં તે વિશે કોઈ તપાસ થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ ખુદ ફરીયાદી તથા ઈજાપામનારાઓનો પુરાવો જોતા ખરેખર બનાવમાં કેટલા આરોપીઓ હતા તે હકીકત જ સ્પષ્ટપણે રેકર્ડ પર

આવતી નથી. મેડીકલ પુરાવો જોતા ઈજાપામનારાઓને માત્ર સાદી ઈજાઓ હોવાનું તેમજ ઈજાપામનારાઓના શરીરના કોઈ વાઈટલ પાર્ટસ ઉપર કોઈ ઈજાઓ નહી હોવાનું જણાઈ આવે છે અને ફરીયાદીને છરી મારેલાનો જેની સામે આક્ષેપ છે તે બાળ આરોપી છે. તેવી જ રીતે ઈજાપામનાર સાહેદ જયસુખભાઈના પુરાવા મુજબ આરોપી ચેતન અને મયુર પાસે છરી હોવાનું અને તે છરી વડે ફરીયાદીને કાન પાસે મારેલાનું જણાવેલ છે. જયારે આ જ સાહેદે તેમની ઉલટતપાસમાં આ ગુન્હામાં એક જ છરી વાપરવામાં આવેલાનું કબુલ કરેલ છે. તે સંજોગોમાં બનાવ વખતે બે આરોપીઓ પાસે છરી હોવાની હકીકત પણ માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષ ઘ્વારા ફરીયાદીના દિકરા ઈજાપામનાર સંજયભાઈને આ કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમાં બનાવ રહેણાંક વિસ્તારમાં બનેલાનું અને આસપાસ ઘણા રહેણાંક મકાન હોય, બનાવ સ્થળે ઉંચા અવાજે બોલવાથી તમામ મકાન વાળા સાંભળી શકે તેવી જાહેર જગ્યા હોવાનું ખુદ ફરીયાદી તથા ઈજાપામનારાઓએ તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ હોવાછતાં ફરીયાદપક્ષ ઘ્વારા આ કામમાં માત્ર હિત ધરાવનાર ફરીયાદી, તેના પત્નિ તથા પુત્ર સિવાય અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી. બનાવ સ્થળે પથ્થરમારો થયેલ હોય કે ઈજાપામનારાઓને કોઈ પથ્થરથી ઈજા થયેલ હોય તેવા કોઈ પથ્થર સ્થાનીકે બનાવ બાદ મળી આવેલ નથી કે તપાસ દરમ્યાન તેવા કોઈ પથ્થર કબજે પણ થયેલ નથી. વધુમાં ખુદ ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોનો પુરાવો જોતા તેઓને શરીરના કોઈ વાઈટલ પાર્ટસ ઉપર ગંભીર મહાવ્યથા થયેલ હોય કે બનાવ વખતે કયા આરોપીએ જાહેરમાં ઉશ્કેરણી કરવાના ઈરાદે કોને, શું બિભત્સ ગાળો આપેલી અને કયાં શબ્દોમાં ગાળો ઉચ્ચારેલી તેવી કોઈ સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી. તેવી જ રીતે બનાવ વખતે બનાવ સ્થળે પોલીસ કમિશ્નરશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામુ અમલમાં હોય કે તેની જાહેર જગ્યાએ બજવણી થયેલ હોય કે જાહેર જનતા સાંભળી શકે તે રીતે જાહેરમાં ઢોલ નગારા વગાડીને આમ જનતાને સુચિત કરવામાં આવેલ હોય કે આરોપીઓ સદર જાહેરનામાથી અવગત હોય તેવો પણ લેશમાત્ર પુરાવો નથી. વધુમાં રેકર્ડ જોતા બનાવ વખતે સામ–સામી ફરીયાદો થતા ક્રોસ કેસ નોંધાયેલ હોવાછતાં આ કામના ઈજાપામનારાઓએ તેમની સરતપાસમાં સામાપક્ષને કેવી રીતે અને કોના ઘ્વારા ઈજા થયેલી તે સબંધે કોઈ હકીકતો જણાવેલ નથી. વધુમાં આરોપીઓ તરફે આંક–૧૦૧ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે રજુ કરેલ ક્રોસ કેસના કામે નોંધાયેલ કેસ ચાલી જતા ટ્રાયલ કોર્ટે સદર કેસમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ નહી હોવાનું ઠરાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકેલાનું જણાઈ આવે છે.

**(૨૧)** આમ, ઉપરોકત કરેલ વિસ્તૃત ચર્ચા ધ્યાનમાં લેતા આરોપીઓએ અગાઉ થયેલ ઝઘડાનો ખાર રાખી બનાવ વખતે ગેરકાયદેસર મંડળી રચી તેવી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના હેતુથી છરી, પાઈપ અને પથ્થરો જેવા હથિયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદોને જાહેર માં ઉશ્કેરણી કરવાના ઈરાદે બિભત્સ ગાળો આપી ઉશ્કેરણી કરી અન્યની જીંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મુકાય તેવા ઈરાદે બેફામપણે છુટા પથ્થરોના ઘા કરી ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે લોખંડના પાઈપનો ઘા મારી તેમજ કાન પાસે છરી મારી જયારે ઈજાપામનાર સાહેદો ફરીયાદીના પુત્રો જયસુખભાઈ, સંજયભાઈને પડખાના ભાગે પાઈપના ઘા મારી તેમજ ફરીયાદી તથા ત્રણેય ઈજાપામનારાઓને છુટા પથ્થરોના ઘા મારી સ્વૈચ્છા પૂર્વક ગંભીર વ્યથા અને મહાવ્યથા પહોંચાડી **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા કલમ ૧૪૯** મુજબ ગુનાઓ આચરેલ હોય તેવુ માનવા માટે રેકર્ડ ઉપર કુદરતી, વાસ્તવિક, ભરોષાપાત્ર અને માનવા લાયક પુરતો પુરાવો ઉપલબ્ધ ન હોય, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, ઉપરોકત ઉપસ્થિત **મુદ્દા નં.૧ અને ૨** નો નિર્ણય નકારમાં ઠરાવુ છું.

**(૨૨)** **<u>મુદ્દા નં. ૩</u>** :–

આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતા ફરીયાદપક્ષ ધ્વારા આંક–૯૧ થી શહેર પોલીસ કમિશ્નરશ્રીએ બહાર પાડેલ હથિયાર બંધીના જાહેરનામાની નકલ રજુ કરેલ છે. તે ધ્યાનમાં લેતા બનાવની તારીખે, બનાવ સ્થળે સદર જાહેરનામુ અમલમાં હોવાનું માનવામાં આવે તો પણ સદર જાહેરનામાની બહોળી જાહેર પ્રસિધ્ધી થયેલ હોય કે જાહેર જગ્યાએ સદર જાહેરનામુ ચોંડી કે રહેણાંક વિસ્તારમાં લાઉડ સ્પીકર મારફત તેની જાહેર જનતાને અવગત કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો નથી તેમછતાં બનાવ સમયે, સ્થળે અને તારીખે સદર જાહેરનામુ અમલમાં હોવાનું માનવામાં આવે તો પણ અગાઉ ખુદ ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદોના પુરાવાની વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના આ મહત્વના સાહેદોનો પુરાવો એકબીજાથી વિરોધાભાસી હોવાનું તેમજ બનાવ વખતે ખરેખર કેટલા આરોપીઓ હતા અને કોની પાસે શું હથિયાર હતુ તે બાબતે પણ વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. તેવી જ રીતે આંક–૯૧ નું હથિયાર બંધીનું જાહેરનામું બનાવ સ્થળે ચોંડી બજાવેલ હોય કે જાહેર જનતાને સદર જાહેરનામાથી સુચિત કરવા હેતુ

જાહેરમાં ઢોલ નગારા વગાડી તેની બહોળી પ્રસિધ્ધી થયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો નથી. તે સંજોગોમાં આરોપીઓ સદર જાહેરનામાથી વાકેફ હોવાછતાં તેનો ભંગ કરવાના ઈરાદે જાહેરમાં હથિયારો ધારણ કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી ન હોય, ઉપરોકત **મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં** ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

–// <u>હુ ક મ</u> //–

**(૧)** આ કામના ઉપરોકત નામ જણાવેલ તમામ આરોપીઓને **સી.આર.પી.સી. કલમ ૨૩૫(૧)** અન્વયે તેઓની વિરૂધ્ધના **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧)** મુજબના ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આ કામના તમામ આરોપીઓ આ ગુના સબબ જામીન ઉપર મુકત હોય, તેઓના જામીન તથા જાત જામીન રદ કરવામાં આવે છે.

**(૩)** જો આરોપીઓ વિરૂધ્ધના કેસમાં અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા **સી.આર.પી.સી. કલમ ૪૩૭(એ)** ની જોગવાઈઓ અને શરતો મુજબ રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

**(૪)** આ ગુનાના કામે તપાસ દરમ્યાન બનાવ સ્થળેથી કબજે લીધેલ સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે–૦૩–બીયુ–૫૯૧૬ કેસ ચાલતા દરમ્યાન વચગાળાની કસ્ટડી તરીકે સોંપી આપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અન્યથા સદર મુદ્દામાલ રીક્ષા ની માલિકી સબંધે વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ જરૂરી ઈન્કવાયરી કરી સદર રીક્ષા સોપવા બાબતે યોગ્ય નિર્ણય કરવો. જયારે બાકીના તમામ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય બાદ કાયદા મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખ **૨૭મી જુલાઈ, ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**રાજકોટ**
**તા. ૨૭–૦૭–૨૦૨૬**

**(જીતેન્દ્ર રમેશચંદ્ર શાહ)**
**સત્ર ન્યાયાધિશ**
**રા જ કો ટ**
**(કોડ નં.જીજે ૦૧૦૪૪)**